# પ્રેસનોટ

## સાઉથ-વેસ્ટઝોન (અઠવા) તથાપશ્ચિમ(રાંદેર) ઝોન વિસ્તારમાં પાણી પુરવઠો બંધ રહેવા તથા ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં /નહીંવત મળવા અંગેની અગત્યનીજાહેરાત

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનાં રાંદેર વોટરવર્કસ ખાતે હયાત કાર્યરત ૨૦૦ mld +૫૦ mld ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનુ મોડીફિકેશન કરવા તેમજ એચ.ટી. પેનલના નવીનીકરણ અને ઈલેકટ્રીકલ સંબંધિત કામગીરી કરવાની છે. જેથી તા.૨૮/૦૧/૨૦૨૫,મંગળવારના રોજ સવારે ૦૯:૦૦ કલાક થી રાંદેર વોટરવર્કસના બંને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના સંપૂર્ણ શટડાઉનની જરૂરીયાત રહે છે. જે કારણે તા.૨૮/૦૧/૨૦૨૫, મંગળવારના રોજ સવારે ૯:૦૦ વાગ્યાબાદ અને તા.૨૯/૦૧/૨૦૨૫,બુધવારના રોજ સવારે ૦૯:૦૦ વાગ્યા પહેલા રાંદેર વારીગૃહથી પાણીનો જથ્થો મેળવતા નીચે મુજબના તમામ વિસ્તારોમાં પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેશે તથા તા.૨૯/૦૧/૨૦૨૫,બુધવારના રોજ સવારે ૦૯:૦૦ વાગ્યા બાદના દિવસ દરમ્યાનનો પાણી પુરવઠો ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં/નહીંવત માત્રમાં મળવાની શકયતાઓ રહેલ છે.

| અ. નં. | તા.૨૮/૦૧/૨૦૨૫,મંગળવારના રોજ અસરગ્રસ્ત વિસ્તારની વિગત |
|---|---|
| ૧. | સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમા સાંજે ૬:૦૦ થી રાત્રે ૯:૧૫ દરમ્યાન વિભાગીય ધોરણે સીટીલાઇટરોડ ,પીપલોદગામ, ઉમરાગામતળ,વીરનર્મદદક્ષિણગુજરાતયુનિવર્સટી,એસ.વી.એન.આઈ.ટી.કેમ્પસ તથા સદર વિસ્તારની આજુબાજુની સોસાયટીઓમાં અપાતો પાણી પુરવઠો. |
| ૨. | પશ્ચિમ(રાંદેર)ઝોન વિસ્તારમાં સવારે૯:૦૦ થી રાત્રે ૧૨:૦૦દરમ્યાન જુદા જુદા સમયે વિભાગીય ધોરણે એલ. પી. સવાણીરોડ ની બંને તરફનો વિસ્તાર,ગોરાટરોડ,ટી.પી.-૩૧ અને ૩૨ ,પાલનપુર પાટીયાનો પાર્ટ વિસ્તાર,પરશુરામ ગાર્ડનની આસપાસનો વિસ્તાર, રાંદેર ગામતળ, પાલનપુર ગામ તથા આસપાસનો વિસ્તાર, રોયલ પ્લેટીનીયમ કોમ્પ્લેક્સથી રાજહંસ પ્લેટીનીયમથી ઓર્ચિડ ઇન્ફિનિટીથી નક્ષત્ર એમ્બસીથી પાલનપુર ગામ, મોનાર્ક થી ગૌરવપથ રોડ, પાલ હવેલીથી રાજહંસ કેમ્પર્સથી કબુતરસર્કલ, હારમનિ રેસીડંસીથી પંચામૃત કેમ્પર્સથી શ્રીપદ એન્ટિલા અને પાલ ગામ, જહાંગીરપુરા, જહાંગીરાબાદ, ઉગત કેનાલ રોડ,ગૌરવપથરોડ પાલનપુર વિસ્તાર,ઈસ્કોન મંદિર રોડ પાલગામ, મોરાભાગળ, રામનગર, ભેંસાણ, |

| | |
|---|---|
| | તેમજ સમ્રગ રાંદેરઝોન વિસ્તારમાં સમાવિષ્ટ સંલગ્ન તમામ વિસ્તાર/સોસાયટી/વસાહ્તો માં અપાતો પાણી પુરવઠાનો સંપૂર્ણ વિસ્તાર. |

| અ. નં. | તા.૨૯/૦૧/૨૦૨૫,બુધવારનારોજઅસરગ્રસ્તવિસ્તારનીવિગત |
|---|---|
| ૧. | સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં સવારે ૫:૦૦થી૮:૦૦ દરમ્યાન વિભાગીય ધોરણે અઠવાગેટ, લાલબંગ્લો, ઘોડદોડરોડ, ભટારરોડ તથા સદર વિસ્તારની આજુબાજુની સોસાયટીઓમાં અપાતો પાણી પુરવઠો. |
| ૨. | પશ્ચિમ(રાંદેર)ઝોન વિસ્તારમાં પાલ-પાલનપુર યોજના અંતર્ગત ESR-4,માંથી વિભાગીય ધોરણે સવારે ૪:૦૦ થી ૯:૦૦ દરમ્યાન વિભાગીય ધોરણે પૂજાફ્લેટસ્થી સંતતુકારામ વિભાગર તથા ક પાલનપુર વિસ્તાર,પાલ વિસ્તાર, ઝગડીયા ચોકડીથી ગીરધરનગરથી ટવીન ટાવરથી સિધ્ધીવિનાયક રેસીડેન્સી સુધીના રોડનો બંને બાજુનો વિસ્તાર, હેપ્પીહોમ્સ, SMC આવાસ વિગેરેને સંલગ્ન તમામ વિસ્તાર / સોસાયટી / વસાહ્તોમાં અપાતો પાણી પુરવઠાનો વિસ્તાર. |
| ૩. | પશ્ચિમ(રાંદેર)ઝોન વિસ્તારમાં જોગાણી નગર વોટર ડ્રીસ્ટ્રીબ્યુશન સ્ટેશનથી વિભાગીય ધોરણે સવારે ૬:૩૦ થી ૯:૩૦ દરમ્યાન વિભાગીય ધોરણે અડાજણ ગામતળ,અડાજણ પાટીયા, આનંદમહ્લરોડ, હ્નીપાર્કરોડ, જોગાણીનગર, પ્રાઈમઆર્કેડ, પાલનપુરપાટીયાનો પાર્ટવિસ્તાર,તાડવાડી,પાલનપુર જકાતનાકા તથા સંલગ્ન તમામ વિસ્તાર/સોસાયટી/વસાહ્તોમાં અપાતો પાણીપુરવઠાનો વિસ્તાર. |

જેની જાહેરજનતાએ નોંધ લઈ,સહ્કાર આપવા તથા જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી.વધુમાં સદર કામગીરીથી થનાર અગવડતા બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણીપુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

**જંનસપર્ક વિભાગ**

સુરત મહાનગર સેવા સદન તરફથી

સાદર સમાચાર યાદિ નબર:-૪૫૯

તા.૨૪/૦૧/૨૦૨૫